# પીએમજેવાય - મા અંતર્ગત સારવાર માટે સરકારે મહત્વના ફેરફાર સાથે માર્ગદર્શક સૂચના જારી કરી

## પીએમજેવાય-મા કાર્ડ આધાર સાથે લીંક કરાશે

ગાંધીનગર, તા. ૩૧
પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મા યોજના અંતર્ગત લાભાર્થીની નોંધણી તેમજ હોસ્પિટલમાં સારવાર માટે આઈરિસ થકી નોંધણી અથવા અંગૂઠા મેળવવામાં પડતી મુશ્કેલીને નિવારવા રાજ્ય સરકારે આધાર ઓટીપી થકી કરવામાં આવે તેવો નિર્ણય કર્યં છે.

રાજ્યના આરોગ્ય મંત્રાલયે આ અંગે એક પરિપત્ર પણ જારી કરી માર્ગદર્શક સૂચનાઓ આપી છે. રાજ્ય સરકારે આપેલ માર્ગદર્શક સૂચનાઓમાં એવી પણ સૂચના આપી છે કે જો કોઈ દર્દીમાં આધારકાર્ડ તેમજ પીએમજેવાય-મા કાર્ડમાં અટક તેમજ નામમાં વિસંગતતા હોય તેવા કિસ્સામાં નોટોરાઈઝ્ડ એફીડેવિડની કોપી ટીએમએસ સોફ્ટવેરમાં અપલોડ કરવાની રહેશે.

સરકારે એવી માર્ગદર્શક સૂચના આપી છે કે આધાર વેરીફાઈડ દર્દી જેનું આયુષ્યમાન કાર્ડ આધારકાર્ડથી બનેલ છે તેવા દર્દી જ્યારે હોસ્પિટલમાં રજીસ્ટ્રેશન માટે આવશે ત્યારે દર્દી પહેલાથી આધાર વેરીફાઈ હશે તેવા દર્દીનું બાયોઓથ દ્વારા રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ટેકનીકલ કારણોસર બાયોઓથ દ્વારા દર્દીનું રજીસ્ટ્રેશન ન થતાં હોસ્પિટલે ઓટીપી દ્વારા રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

સરકારે એવી પણ સૂચના આપી છે કે દર્દી જ્યારે હોસ્પિટલમાં રજીસ્ટ્રેશન કરવા માટે આવશે ત્યારે દર્દી પહેલાંથી નોન આધાર વેરીફાઈ હશે તેવા દર્દીનું આધાર લીંક કરવાનું રહેશે.

જો ટેકનીકલ કારણોસર હોસ્પિટલ દ્વારા જે દર્દીનું લીંક આધાર ન થઈ શકે તેવા કિસ્સામાં સ્ક્રીન શોર્ટ તેમજ દર્દીના આધારકાર્ડનો ફોટો ટીએમએસ સોફ્ટવેરમાં અપલોડ કરવાનો રહેશે અને દર્દીનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

સરકારે કરેલા આ નિર્ણયથી લોકોની પરેશાનીમાં ઘટાડો થશે અને ઝડપી સારવાર ઉપલબ્ધ થશે તેમ સરકારના સૂત્રોએ જણાવ્યુ છે.



### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ

અખંડ ભારતના શિલ્પી લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૬મી જન્મ જયંતિએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં વિધાનસભા પરિસરમાં સ્થાપિત સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ-ભાવવંદના કરી કૃતજ્ઞતા વ્યકત કરી હતી. આ અવસરે કેન્દ્રીય મંત્રી પરસોત્તમાઈ રૂપાલા, વિધાનસભા અધ્યક્ષા ડો.નીમાબહેન આચાર્ય, શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી, રાજ્યમંત્રી દેવાભાઈ માલમ તેમજ પૂર્વમંત્રી પ્રદીપસિંહ જાડેજા, ધારાસભ્યો, ગાંધીનગરના મેયર અને નગર સેવકો તથા ગાંધીનગર શહેર અને જિલ્લાના પદાધિકારીઓ વગેરે પણ પુષ્પાંજલિમાં જોડાયા હતા. ભૂપેન્દ્ર પટેલ અને સૌ મહાનુભાવોએ ત્યારબાદ વિધાનસભા પોડિયમમાં પણ સરદાર સાહેબના તસ્વીર ચિત્ર સમક્ષ પુષ્પાંજલી અર્પણ કરી આદરભાવ વ્યક્ત કર્યો હતો.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે વડીલોનો સામુહિક અનોખો જન્મ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૩૧
ગાંધીનગર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજના સિનિયર સિટીજન ક્લબ વરિષ્ઠ નાગરિકો માટે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ સકારાત્મક પ્રેરણાદાયી પ્રવૃત્તિ દ્વારા વડીલોને ઢળતી ઉંમરે પ્રવાસ, સ્નેહમિલન સમારંભો, પિકનીક મહોત્સવ, સામાજિક ફિલ્મો-પ્રદર્શનોની મુલાકાત, ધાર્મિક સ્થળોની મુલાકાત દ્વારા મોજ કરાવવામાં અગ્રેસર ભુમિકા બજાવે છે. ત્યારે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે સિનિયર સિટીજનોનો ઓક્ટોબર માસમાં જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે શાસ્ત્રોક્ત સાદગીથી ભાવપૂર્વક વડીલોની ઉપસ્થિતિમાં સૌ પ્રથમ અનોખી રીતે ઉજવાયો હતો. જેમાં મુખ્યત્વે કાર્યક્રમના અધ્યક્ષ




ડૉ. અનિલભાઈ પટેલ, ક્લબના સંયોજક રમણભાઈ પટેલના સહયોગથી ચિલોડાના સિનિયર સિટીજન નટુભાઈ પટેલ, રમણભાઈ એચ. પટેલ, અશોકભાઈ વકીલ, ચંપાબેન પટેલના જન્મ નિમિત્તે શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે સિનિયર સિટીજનોને હળવી રમતો રમી હળવાશ અનુભવ્યો હતો.

# આજથી પ્રકાશ પર્વ દિપાવલીનો પ્રારંભ

### આજે રમા એકાદશી, વાઘ બારસ સાથે દીપોત્સવી પર્વનો આરંભ

ગાંધીનગર, તા. ૩૧
આજથી રમા એકાદશી સાથે દિપાવલી પર્વનો મંગલમય શુભારંભ થશે. ઘર-ઘરના આંગણામાં રંગોળી પુરાશે. આસોપાલવના તોરણ બંધાશે,



દિવડાઓના ઝગમગાટથી ચોતરફ અજવાળા પથરાશે, આકાશ રાત્રે આતશબાજીથી રંગબેરંગી બની જશે.

આસો વદ અગીયારસ નિમિત્તે આજે રમા એકાદશી અને વાઘ બારસનો તહેવાર મનાવાશે અને દિપાવલીના મહાપર્વની શરૂઆત થશે. આ વર્ષે ચૌદશ તિથિનો ક્ષય હોવાથી તેની અસર સ્વરૂપે આજે રમા એકાદશી અને વાઘ બારસ ભેગા મનાવાશે. આજના દિવસે અયોધ્યાવાસીઓને શ્રીરામ ભગવાનના આવવાના સમાચાર મળેલા આથી આ દિવસથી રંગોળી કરવાની શરૂઆત થઈ હતી. આ સાથે આજે વાઘ બારસ મનાવાશે આથી ગાયની પૂજા કરવાનું અને ગાયને શણગારવાનુ મહત્વ છે. અને ગાયને ઘાસ નાખવુ, ગાયની પ્રદક્ષિણા કરવી ઉત્તમ ગણાય છે.

**રમા એકાદશી શુભ મુહૂર્ત**

એકાદશી તિથિ ૩૧મીના સવારે ૦૨.૨૭ વાગ્યાથી શરૂ થયું હતુ અને આજે બપોરે ૧.૨૧ વાગ્યા સુધી રહેશે. પારણા વ્રતનો શુભ સમય મંગળવાર ૨ નવેમ્બરના રોજ સવારે ૦૬.૩૯ થી ૦૮.૫૬ સુધીનો છે.

દિવાળી અગાઉ જ માતા લક્ષ્મીની કૃપા મેળવવાનો વિશેષ દિવસ એટલે રમા એકાદશી, આ એકાદશીના વ્રતથી વ્યક્તિને ધન વૈભવ અને સુખ સંપત્તિના આશીર્વાદ મળે છે. ભગવાન વિષ્ણુ સાથે લક્ષ્મીજીના રમા સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. અનેક જગ્યાએ આજના દિવસે મહાપૂજા કરવામાં આવે છે. આ દિવસે લક્ષ્મીજી સાથે વિષ્ણુ ભગવાનની પૂજા કરવાથી ધન વર્ષ અને શુભ લાભની પ્રાપ્તિ થાય છે. ભગવાન વિષ્ણુ હંમેશા યોગ નિંદ્રામાં શયન કરતા અને કારતક માસની આ એકાદશીએ ભગવાન જાગ્યા તેથી આ એકાદશી રમા એકાદશી તરીકે ઓળખાય છે. આજના દિવસે ઉપવાસ કરવાથી ચિંતામણી અને કામધેનુના સમાન ફળની પ્રાપ્તિ સાથે જીવનની સુખ સમૃદ્ધિમાં વધારો થાય છે. વાઘ બારસમાં સરસ્વતી ભગવાનની પૂજા કરવામાં આવે છે. આજે રાત્રિ દરમિયાન શહેરમાં જગમગાટ જોવા મળશે.




આમજા પ્રા.શાળામાં બાપુ કોલેજ દ્વારા એન.એસ.એસ. કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કેમ્પનું ઉદ્દ્ઘાટન સાંસદ શારદાબેન પટેલે કર્યુ હતુ. આ ઉદ્દ્ઘાટન સમારોહમાં ૧૦૦ થી વધુ વિધવા સહાયના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત રાષ્ટ્રીય એકતા દિવસની આઈકોનિક સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભવ્ય ઉજવણી

### પ્રત્યેક ભારતીય દ્વારા દેશના નિર્માણ માટે લેવાયેલો સંકલ્પ દેશના ભવિષ્ય માટે નિશ્ચિતરૂપે પરિણામલક્ષી સાબિત થશે : કેન્દ્રિય ગૃહ-સહકાર મંત્રી અમિત શાહ

ગાંધીનગર, તા. ૩૧
''રાષ્ટ્રીય એકતા દિવસ''ના ઉપલક્ષમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે કેવડિયા ખાતેના એકતા પરેડ ગ્રાઉન્ડમાં ઉપસ્થિત જનસમુદાય તથા સમગ્ર દેશવાસીઓને ઉદબોધન કરતા જણાવ્યું હતું કે આજનું ''રાષ્ટ્રીય એકતા પર્વ''નું વિશેષ મહત્વ એટલા માટે છે કે ચાલુ વર્ષે દેશ આઝાદીના ૭૫-માં વર્ષની ઉજવણી કરી રહ્યો છે.

આ તબક્કે તેમણે પરેડમાં જોડાયેલા લશ્કરી -અર્ધ લશ્કરી દળો, તમામ રાજ્યોની પોલીસના જવાનો તથા પરેડ બેન્ડનું નિદર્શન કરનારા બે શાળાઓના બાળકોની ટીમ સહીત તમામ દેશવાસીઓની આંખમાં સરદાર સાહેબની મહાનતા પ્રતિબિંબિત થતી હોવાનો વિશ્વાસ સાથે દાવો કર્યો હતો.

શાહે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ચાલી રહી છે ત્યારે દેશની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થાય તે સમયે આવનારા સમયમાં દેશ કેવો હશે તે નિયત કરવા માટે સંકલ્પ લેવાનો છે. આ માટે જ આ વર્ષ મહત્વપૂર્ણ છે, આ વર્ષે સૌ ૧૩૦ કરોડ ભારતવાસીઓએ ''સંકલ્પ વર્ષ'' તરીકે ઉજવવાનું અમિત શાહે આહ્વાન કર્યું હતું અને પ્રત્યેક દેશવાસીઓને એક-એક સંકલ્પ લેવાની હાકલ કરી. તેમને એવો આશાવાદ વ્યકત કર્યો હતો કે પ્રત્યેક ભારતીય દ્વારા લેવાયેલો દેશના નિર્માણ માટેનો સંકલ્પ દેશના ભવિષ્ય માટે નિશ્ચિતરૂપે પરિણામલક્ષી સાબિત થશે.





લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીએ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાન્નિધ્યમાં કેવડિયામાં ૩૧મી ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસની શાનદાર ઉજવણી અંતર્ગત કેવડિયા ખાતે એકતા પરેડ, બેન્ડ પ્લાટુનના પર્ફોર્મન્સ, કેન્દ્રીય સશસ્ત્ર દળોની સાઈકલ રેલી, ચાર રાજયોની પોલીસની મોટર સાયકલ રેલી માર્શલ આર્ટ નિદર્શન, સ્કુલ બેન્ડ પ્રદર્શન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરાયું હતું.

આ પ્રસંગે સાંસદ મનસુખભાઈ વસાવા અને શ્રીમતી ગીતાબેન રાઠવા સહિત કેન્દ્રિય ગૃહ સચિવ અજય ભલ્લા અને કેન્દ્રના વરિષ્ઠ સનદી અધિકારીઓ, મુખ્ય સચિવ પંકજ કુમાર, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ, કેન્દ્રિય અને વિવિધ રાજયોની સુરક્ષા એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓ, રાજયના ગૃહ વિભાગના સહિત અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# આજથી રાજ્ય વ્યાપી મતદાર સુધારણા ઝૂંબેશનો આરંભ થશે

ગાંધીનગર, તા. ૩૧
રાજયભરમાં આજથી મતદાર યાદી સુધારણા ઝૂંબેશનો આરંભ થશે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આ ઝૂંબેશ હાથ ધરવામાં આવનાર છે.

આજથી શરૂ થતી આ મતદારયાદી સુધારણા ઝૂંબેશ એક મહિના સુધી ચાલશે. ૨૦૨૨માં આવનાર વિધાનસભાની ચૂંટણી પહેલાં આ મહત્ત્વની ઝૂંબેશ ગણવામાં આવી રહી છે. આ માટે રાજકીય પક્ષો પણ સક્રિય થયા છે.

પંચ દ્વારા આ ઝૂંબેશ અભિયાનમાં ખાસ અભિયાન પણ હાથ ધરવામાં આવશે. જે ૧૪-૧૧-૨૦૧, તા. ૨૧-૧૧-૨૧, ૨૭-૧૧, ૨૯ અને ૨૮-૧૧-૨૧ દરમિયાન યોજાશે.

આ દિવસોમાં બુથ લેવલ ઓફિસર જે તે મતદાન મથક પર સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી ઉપસ્થિત રહી હક્ક દાવાઓ અને નામ દાખલ, નામ સુધારવા, નામ કમી કરવાના અરજી ફોર્મ સ્વીકારાશે.


આ વેળાએ દિપાવલી પર્વને ધ્યાને રાખી ૨૭ અને ૨૮ નવેમ્બર એમ બે સળંગ દિવસો દરમિયાન અર્થાત્ શનિવાર - રવિવારના રોજ ખાસ ઝૂંબેશ હાથ ધરવામાં આવનાર છે.

મતદાર યાદી સુધારણા ઝૂંબેશને લઈ રાજ્યમાં આ અંગેની સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી હોવાનું મુખ્ય ચૂંટણી અધિકારીશ્રીની કચેરીના સૂત્રો દ્વારા જાણવા મળેલ છે. જિલ્લામાં પણ આ અભિયાન અંગેની તૈયારીઓ કરી દેવામાં આવી છે.




### ગાંધીનગર જિલ્લા 'આપ'ની 'એકતા દોડ'

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની આજે ૧૪૬મી જન્મ જયંતી નિમિત્તે ગાંધીનગર જિલ્લા આમ આદમી પાર્ટી દ્વારા આજરોજ રન ફોર યુનિટી દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દોડ ગાંધીનગરનાં ચ-૦ થી ઘ-૪ પાસે આવેલ સરદાર પટેલના સ્મારક સુધી યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આમ આદમી પાર્ટીના પ્રદેશ મંત્રી મુકેશભાઈ પટેલ, પ્રદેશ મંત્રી ડૉ. જ્વેલ વસરા, પ્રદેશ યુવા સંગઠન મહામંત્રી નિખીલભાઈ સવાણી, પ્રદેશ સહમંત્રી અભિષેકભાઈ પટેલ, અમદાવાદ ઝોન સહ સંગઠન મંત્રી વિજય આચાર્ય ઉપસ્થિત રહ્યા હતા.



ઉનાવા પ્રા.આ. કેન્દ્ર ખાતે યોજાયેલ કિશોર સ્વાસ્થ્ય કેમ્પમાં રાષ્ટ્રીય એકતાના શપથ લેવામાં આવ્યા હતા. જેમાં પ્રા.આ. કેન્દ્ર તેમજ જિલ્લાતંત્રના અધિકારીઓ અને કિશોરોએ મોટી સંખ્યામાં શપથ લીધા હતા.

### બેંકોમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈપણ પ્રકારની બુકિંગ નહી થાય. આ ઉપરાંત સિલિન્ડર ઘરે પહોંચાડતા ડિલિવરી બોયને ઓટીપી બતાવ્યા પછી જ ગ્રાહક સિલિન્ડર લઈ શકશે. આમ નવી સિલિન્ડર પોલિસી હેઠળ ખોટું સરનામુ અને મોબાઈલ નંબર આપનારા ગ્રાહકોની મુશ્કેલી વધી શકે છે. આ માટે કંપનીઓએ તેના બધા ગ્રાહકોને તેમનું નામ, સરનામુ અને મોબાઈલ નંબર અપડેટ કરવાની સલાહ આપી છે, જેથી તેને સિલિન્ડર લેવામાં તકલીફ ન પડે. જો કે આ નિયમ કોમર્સિયલ સિલિન્ડર પર લાગુ નહીં પડે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ